# <u>સોનગઢના મે.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક. સાહેબની કોર્ટમાં, મુ. સોનગઢ.</u>

**ફોજદારી કેસ નં.૩૬૭૨/૨૦૨૩**

**આંક..................**

**ફરીયાદી : સરકારશ્રી**

વિરૂધ્ધ

**આરોપી : કોન્ડા લીંગયા ગુરવૈયા**

**<u>ગુનો :– ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫ (એ)(એ) મુજબ.</u>**

**<u>–: ઠ રા વ :–</u>**

**૧.** ફરીયાદી પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી સામે પ્રોહી. પ્રતિબંધિત એરિયામાં ગે.કા. રીતે પાસ પરમીટ વગર પોતાના કબજામાં દેશી દારૂ રાખવાનો અથવા હેરફેર કરવાનો ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫ (એ)(એ) મુજબના શિક્ષાને પાત્ર ગુના અંગેની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે સંબંધિત પોલીસ સ્ટેશન ઘ્વારા અત્રેની અદાલતમાં ક્રિ.પ્રો.કોડની કલમ–૧૭૩ મુજબ ચાર્જશીટ રજુ કરવામા આવેલ છે.

**૨.** આરોપી કોર્ટ રુબરુ હાજર થતાં તેઓને પોલીસ પેપર્સની નકલો મફત આપ્યાની ખાત્રી કરેલ છે અને ત્યારબાદ આજરોજ આરોપીએ લોક અદાલતમાં સ્પેશીયલ સીટીંગમાં હાજર રહેતા આરોપી વિરૂધ્ધ ચાર્જ ફ્રેમ કરી પ્લી રેકર્ડ કરતા તેઓની સામેનો ગુનો કબુલ હોવાનું કબુલાત પુરસીશ આપી જાહેર કરી પોતાને ગુનો કબુલ મંજુર હોય જેથી યોગ્ય હુકમ કરવા જણાવેલ છે.

**૩.** આરોપીએ ગુના કબુલાત પુરસીસ આપી એમ જાહેર કરેલ છે કે, મારો આ પ્રથમ ગુનો છે અને અમો સામાન્ય અને ગરીબ વર્ગના છીએ, અમારી પરિસ્થિતી ખુબ જ નબળી છે અને અમારી સામે સામાન્ય ગુનો છે અને હવે પછી આવો ગુનો ફરી ન થાય તેની પુરતી કાળજી લઈશું અને આ અમારો પ્રથમ ગુનો હોઈ અમો અમારી ભુલ સુધારવા માંગીએ છીએ અને તેવા ઉદૃેશથી નમ્ર માફી આપવા અને રહેમ રાખવા અરજ ગુજરેલ છે. આમ, આરોપીએ ખરેખર સ્વેચ્છાએ ગુનો કબુલ કરતો હોવાની ખાત્રી કરવામાં આવેલ છે.

**૪.** તમામ રેકર્ડ ઉપરની હકીકતો લક્ષમાં લેતાં આ ગુનાની ટ્રાયલ માટે હાલના સરકારી અમલદાર ફરીયાદી, સરકારી અમલદાર સાહેદ, પંચો, સરકારી અધિકારી તપાસ કરનાર અમલદારને તપાસ્યા બાદ જો વ્યાજબી શંકાથી પર પુરાવો રેકર્ડ ઉપર આવે ત્યારે આરોપીને ધી પ્રોહી. એકટની કલમ–૬૫ (એ)(એ) મુજબની સજા થાય અને વર્તમાનમાં કોર્ટમાં પેન્ડીંગ કેસની સાથે નવા દાખલ થતાં કેસોનું પ્ર

માણ લક્ષમાં લેતાં ટુંકા સમયમાં હાલના ગુનાની ટ્રાયલ ચલાવીને પુરી કરવી સંભવી શકે નહીં તેમજ આરોપીનો સમય, ફરીયાદી પોલીસનો સમય, સરકારી વકીલનો સમય, સરકારી સાહેદોનો સમય તથા કોર્ટનો સમય તથા ખર્ચ જે આ ટ્રાયલ પાછળ વ્યતિત થાય અને ટ્રાયલને અંતે આરોપી કસુરવાર ઠરે ત્યારે સજા અંગે ન્યાયિક હુકમ કરવામાં આવે તેને બદલે જો આરોપી હાલનો ગુનો કબુલે છે ત્યારે તેણે ગુના કબુલ સંદર્ભે રજુ થયેલી હકીકતોની સાથે સરકાર તથા કોર્ટનો અને પક્ષકારોનો જે સમય બચે છે તે અન્ય ગંભીર ગુનાની ટ્રાયલમાં ઉપયોગ કરી શકાય તેમ હોઈ ઉપરાંત આરોપી જયારે પસ્તાવા સાથે ગુનાની કબુલાત કરતો હોય ત્યારે રેકર્ડ ઉપર આવેલી તમામ હકીકતો ધ્યાને લેતાં અને હાલના કોરોના મહામારીના સમયમાં આરોપીની આર્થિક પરીસ્થિતીને ધ્યાને લઈ તેમજ '' **ગુજરાત રાજય વિ.નટવર હરચંદજી ઠાકોર ૨૦૦૫(૧) જી.એલ.આર. ૭૦૯'',** ના ચુકાદામાં નામદાર વડી અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લઈ નકકી કરેલી ઓછામાં ઓછી સજા કરતા ઓછી સજા કરીને ઓછામાં ઓછો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનું હીત જળવાઈ રહે તેમ હોઈ ઉપરોકત સંજોગો ધ્યાને લઈ આરોપીને દોષિત ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

– : : હુકમ : : –

૧. આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૧ અન્વયે તકસીરવાન ઠરાવી ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫ (એ)(એ) મુજબના ગુન્હા બદલ કોર્ટ ઉઠતા સુધીની સજા તથા આરોપીને કુલ રૂ.૫૦૦/– (અંકે રુપિયા પાંચસો પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો દિન–૦૫ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીઓના અગાઉ રજુ કરેલ જામીનખત તથા જાત મુચરકા ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ ની કલમ–૪૩૭(એ) હેઠળ છ માસ પુરતા ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આ કામમાં પ્રોહી મુદામાલ નો અપીલ સમય પુરો થયા બાદ નીતી–નીયમો મુજબ નાશ કરવો.

હુકમ આજરોજ તારીખ–૦૯ મી, માહે–સપ્ટેમ્બર, સને ૨૦૨૩ ના રોજ ''સ્પેશ્યલ સીટીગ'' માં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : સોનગઢ
તારીખ. ૦૯/૦૯/૨૦૨૩

**(જયેશકુમાર બાબુભાઈ શર્મા)**
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
સોનગઢ,કોડ નં. જીજે૧૬૨૩